## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



બાપા... યથાશક્તિ મેં આપની ભક્તિ કરી છે... આર્શીવાદ આપો કે મારા ગુરુને કોઈ સ્કેન્ડલમાં ન પકડાય... હું આ ઉંમરે ક્યા નવો ગુરુ શોધવા જઈશ ??



ગાંધીનગર અને અમદાવાદના પૂર્વ વિસ્તારના શ્રદ્ધાળુઓ મોટે ભાગે ભાટ સાબરમતી નદી અને કરાઈ નદી ગોબરેશ્વર મહાદેવ મંદિર પાસે ગણેશજીની મૂર્તિનું વિસર્જન કરવા આવે છે. જેને પગલે વિસર્જનના દિવસોમાં આ સ્થળોએ શ્રધ્ધાળુઓ ડીજે સાથે નીકળતા હોવાથી ટ્રાફીક જામની ભયંકર સમસ્યા ઉદ્ભવે છે. આજે ભાટ પાસે હાઈવે પર સાંજના અરસામાં ત્રણ કિ.મી. સુધી ટ્રાફીકજામ રહેતા વાહનચાલકો ત્રાસી ગયા હતા.

# ફેન્સીંગ માટેની સહાયમાં જમીનની મર્યાદા દૂર કરો

## પોષણક્ષમ ભાવની ખાતરી આપતી નીતિ સરકારે બનાવવી જોઈએ તેવી ખેડૂતોએ અપેક્ષાઓ વ્યકત કરી : રાંધેજા ખાતેના 'સંકલ્પ સે સિધ્ધિ'ના ખેડૂત વર્કશોપમાં ૧૦૦થી વધુ ખેડૂતોએ તેમના મનની વાત લેખિતમાં કરી

ગાંધીનગર, તા.૨૯

ખેડૂતોને નીલ-ગાય અને ભેલાણથી બચાવવા માટે તાર-ફેન્સીંગની નીતિમાં જમીન ધારણની જે મર્યાદા નિયત કરાઈ છે તે રદ કરવી જોઈએ અને નાના-મોટા તમામ ખેડૂતોને યોજનાનો લાભ આપવો જોઈએ. પાક. વીમના યોજનાનું સરળીકરણ કરવું જોઈએ એટલું જ નહિ બેંકમાંથી લોન વખતે જે ફરજીયાત પ્રિમીયમ કપાય છે તે બંધ થવું જોઈએ તેવી રજુઆતો આજે ખેડૂતોએ કરી છે.

જિલ્લામાં 'સંકલ્પ સે સિધ્ધિ' અંતર્ગત જિલ્લાના ખેડૂતોના યોજાયેલ વર્કશોપમાં જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈએ ખેડૂતોને જણાવ્યું કે સરકાર પાંચ વર્ષમાં ખેડૂતોની આવક બમણી થાય તેમ ઈચ્છી રહી છે ત્યારે ખેડૂતો તરીકે તમે સરકાર પાસે શું અપેક્ષા રાખો છો તેવો સવાલ પુછી લેખિતમાં ટુંકમાં રજુઆત કરવા જણાવતાં ૧૦૦થી વધુ ખેડૂતોએ અપેક્ષાના વિવિધ મુદ્દાઓ રજુ કર્યા હતા.

ખેડૂતોએ તેમના ઉત્પાદનના પોષણક્ષમ ભાવ મળશે જ તેવી સ્પષ્ટ અને સરળ નીતિની હિમાયત કરતી માંગ કરી હતી.

ખેડૂતોએ સજીવ ખેતીને પ્રોત્સાહક એવી નીતિ અને સહાયના ધોરણો જાહેર કરાય તેવી પણ અપેક્ષા સરકાર પાસે હોવાની રજુઆતો કરી હતી. જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ કૃષિ મહોત્સવ સહિત વિવિધ કૃષિ પ્રોત્સાહક યોજનાઓ જે અમલમાં છે તેની જાણકારી આપી હતી. આ ઉપરાંત સોઈલ હેલ્થકાર્ડ આપી જમીનની ફળદ્રુપતાનું આરોગ્ય વિષયક કાર્ડ જે આપવામાં આવી રહ્યું છે તેની પણ વિગતો આપી હતી.




આ વર્કશોપમાં કામધેનુ યુનિ.ના કાર્યકારી કુલપતિ ડૉ. વાટલીયા અને દાંતીવાડા કૃષિ યુનિ.ના ડૉ. એ.યુ. અમીને વિશેષ હાજરી આપી કૃષિ વિકાસ અંગેની ખાસ વિગતો રજુ કરી હતી.

આ વર્કશોપમાં જિલ્લાના ૪૦૦થી વધુ ખેડૂતોએ હાજરી આપી હતી. આ વર્કશોપમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો સંદેશો પણ વિડીયોની મદદથી રજુ કરી ખેડૂતોને સંભળાવવામાં આવ્યો હતો.

જિલ્લા કૃષિ તંત્ર, આત્મા તેમજ રાંધેજા કૃષિ વિકાસ કેન્દ્રના સંયુકત ઉપક્રમે યોજાયેલ આ વર્કશોપમાં કેન્દ્ર નિયામક ગર્ગે મહેમાનોનું સ્વાગત કર્યુ હતું. જયારે ગ્રામ વ્યવસ્થાપન કેન્દ્રના ડૉ. રાજીવ પટેલે આભાર દર્શન કર્યું હતું.

## બેંક અધિકારીઓની વધુ એક બેદરકારી

# યુકો બેંકનો બનાવટી ચેક બનાવી પોણા અગિયાર લાખનું ચિટીંગ..!

**સે-૧૬ યુકો બેંકનાં નિવૃત્ત મેનેજરની પત્નિનાં ખાતામાંથી આર.ટી.જી.એસ મારફતે કોલકત્તાની એસ.બી.આઇ બેંકનાં ખાતેદારનાં ખાતામાં રુપિયા ટ્રાન્સફર થઇ ગયા : તપાસ કરતા બેંકે સ્વિકારેલો ચેક જ તેમની બેંકનો ન હોવાનું ધ્યાને આવ્યુ**

ગાંધીનગર, તા.૨૯

સામાન્ય ગ્રાહકો પાસે પચ્ચાસ જાતનાં પુરાવાઓ માંગતા અને સંખ્યાબંધ સહિઓ કરી કાગળોમાં ઉલઝાવી નાંખતા બેંક અધિકારીઓ ફ્રોડ વ્યક્તિઓ ટ્રાન્જેક્શન કરવા આવે ત્યારે તેમની પાસે કોઈ વેરિફીકેશન કાર્યવાહી નહિ કરાવતા હોય.?? આ એક પ્રશ્ન થવા લાગ્યો છે. કેમ કે બેંક અધિકારીઓની ભુલને કારણે બેંક ખાતેદારે રૂપિયા ગુમાવવા પડ્યા હોવાનો વધુ એક કિસ્સો ધ્યાને આવ્યો છે. ગાંધીનગરમાં જ આવો બીજો કિસ્સો છે. અગાઉ ઉધ્યોગ ભવનનાં એક વેપારીનાં ખાતામાંથી લાખો રુપિયા ટ્રાન્સફર થઈ ગયા હતા. વેપારીએ તપાસ કરી તો ખબર પડી કે તેમના ઈમેઈલ આઈ.ડી ને ભળતુ ઈમેઈલ આઈ.ડી બનાવી બેંકમાં ઈમેઈલ કરીને રુપિયા ટ્રાન્સફર થયા હતા. તે કિસ્સામાં બેંક અધિકારીએ પુરતી ખરાઈ કરી હોત તો ફ્રોડ પકડાઈ જાત. જો કે તે સમયે પોલીસે એકાઉન્ટ ફ્રીઝ કરાવી રૂપિયા બચાવી લીધા હતા. આજે બેંક અધિકારીની જ નિષ્કાળજી કે બેદરકારીથી વધુ એક ખાતેદારે પોણા અગિયાર લાખ રૂપિયા ગુમાવવાનો વારો આવ્યો હોવાનું ધ્યાને આવ્યુ છે.

મળતી માહિતી મુજબ સે-૨૮ ખાતે રહેતા અને સે-૧૬ સ્થિત યુકો બેંક માંથી નિવૃત્ત થયેલા મેનેજર કિર્તીલાલ જમનાલાલ ઠક્કરને કોઈ અજાણ્યો શખ્સ ચુનો લગાવી ગયો હોવાનુ બહાર આવ્યુ છે. તેમની પત્નિ ચારુબેન ઠક્કરનું ખાતુ સે-૧૬ યુકો બેંકમાં જ છે. ગઈ કાલે તેમના મોબાઈલ ઉપર મેસેજ આવ્યો કે તેમના બેંક ખાતામાંથી રૂ. ૧૦,૭૮,૭૯૫ ઉપડી ગયા છે. આ મેસેજ વાંચીને ચોંકી ગયેલા કિર્તીલાલે તેમની પત્નિને પુછ્યુ કે ક્યાય ચેક તો આપેલો નથી ને..!! કોઈને ચેક આપ્યો ન હોવાનું કહેતા કિર્તીલાલ સે-૧૬ યુકો બેંકમાં તપાસ કરવા પહોંચી ગયા હતા. તપાસ કરી તો આ રૂપિયા તેમની પત્નિનાં ખાતામાંથી આર.ટી.જી.એસ મારફતે કોલકત્તાની એસ.બી.આઈ બેંકનાં ખાતેદાર કોઈ અમિત ધાર નાં ખાતામાં રુપિયા ટ્રાન્સફર થઈ ગયા હોવાનું ધ્યાને આવ્યુ હતુ. ચેક અંગે તપાસ કરી તો ખ્યાલ આવ્યો કે જે અજાણ્યા શખ્સે આર.ટી.જી.એસ માટે ચેક સબમિટ કર્યો હતો તે આ જ બેંકનો હતો પરંતુ બનાવટી હતો..!! બેંક અધિકારી જ તેમની બેંકનાં ચેકને ઓળખી ન શકી અને રૂપિયા ટ્રાન્સ્ફર કરી નાંખ્યા જેનો ભોગ ખાતેદારને બનવુ પડ્યુ છે. જો કે સાણસામાં આવેલી બેંકનાં ચિફ મેનેજર આઈ.ચંદ્રાબાબુ યૈઆકુટીએ જ આ મામલે સે-૨૧ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ઉંડી તપાસ શરુ કરી છે.

# સે-૧નાં તળાવ સામે જ રોડ પર હિટ એન્ડ રન

## ૨૮ વર્ષિય શ્રમિકને ટક્કર મારી વાહનચાલક રફ્ફુચક્કર : ડીવાઇડર પર મૃતદેહ પડ્યો હતો

ગાંધીનગર, તા.૨૯

શહેરનાં રાજમાર્ગ ગણાતા જ- માર્ગ પર કે જ્યા મુખ્યમંત્રી થી માંડીને તમામ વીવીઆઈપીની રોજબરોજની અવરજવર હોય છે તે માર્ગ પર આવે ધોળે દિવસે હિટ એન્ડ રન ની ઘટના બની હોવાનું ધ્યાને આવ્યુ છે. સી.સી.ટી.વી કેમેરાથી સજ્જ આ માર્ગ પર ચાલતા જતા શ્રમિક યુવાનને ટક્કર મારીને મોતને ઘાટ ઉતારી અજાણ્યો ચાલક ફરાર પણ થઈ ગયો પરંતુ કોઈને બનાવનો અણસાર પણ ન આવ્યો. ત્યાથી બપોરે પસાર થતા ઈન્દ્રોડા ગામનાં રહેવાસીનું ધ્યાન અચાનક બપોરે ડીવાઈડર ઉપર પડેલા મૃતદેહ પર પડ્યુ અને તેમણે પોલીસને જાણ કરતા પોલીસ દોડતી થઈ ગઈ હતી.

ઈન્દ્રોડા ગામમાં રહેતા લાલાજી વણઝારા સે-૧ તળાવ પાસેથી આજે બપોરે અઢી વાગ્યાનાં અરસામાં પસાર થતા હતા ત્યારે અચાનક ડીવાઈડર ઉપર પડેલા બિનવારસી યુવાનનાં મૃતદેહ પર ધ્યાન પડ્યુ હતુ. ઈન્ફોસીટી પોલીસને ઘટનાની જાણ કરાતા જમાદાર લક્ષ્મણભાઈ સ્થળ પર પહોંચી ગયા હતા અને મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી તેની ઓળખ માટે તજવીજ કરતા આ યુવાન મુળ રાજસ્થાનનો અને હાલ સે-૧ તળાવ પાસેનાં છાપરામાં રહેતો ૨૮ વર્ષિય કમલેશ ગલાભાઈ પટેલ( ડીંડોર) હોવાનું ખુલ્યુ હતુ. પોલીસે અજાણ્યા વાહનચાલક સામે ગુનો નોંધી તેને શોધી કાઢવા માર્ગો અને સર્કલો પર લગાવાયેલા કેમેરાનાં ફુટેજની તપાસ શરુ કરી છે.

# દહેગામ તાલુકા પંચાયતના પ્રમુખ આશાબા ઝાલાનું રાજીનામુ

ગાંધીનગર, તા. ૨૯

દહેગામ તાલુકા પંચાયતના પ્રમુખ આશાબા ઝાલાએ આજે તેમના હોદ્દા પરથી રાજીનામુ આપતો પત્ર જિલ્લા વિકાસ અધિકારીને સુપ્રત કર્યો છે.

આશાબા ઝાલા ભાજપમાં જોડાયા હતા અને પુનઃ કોંગ્રેસમાં પરત ફર્યા બાદ પ્રમુખ તરીકે બે વર્ષની અવધિ પૂર્ણ કર્યા બાદ આજે તેમણે આ રાજીનામુ આપ્યું છે. પક્ષના આદેશને માથે ચડાવી રાજીનામુ આપ્યાનું તેમજ કોઈના દબાણને વશમાં થયા વગર સ્વેચ્છાએ રાજીનામુ આપ્યું હોવાનું તેમણે તેમના પત્રમાં જણાવ્યું છે.

આ પૂર્વે અન્ય એક સભ્ય રમેશભાઈ પટેલ પણ કોંગ્રેસમાં પરત ફર્યા છે.

આજે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીએ એક નિવેદનમાં જણાવ્યું છે કે ભાજપ ડરાવી-ધમકાવી લોભ લાલચ આપી કોંગ્રેસ હસ્તકની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ તોડવામાં સક્રિય થયેલ છે. કોંગ્રેસ ભાજપની આ નીતિ રીતિને તાબે થશે નહિ. આવી પ્રવૃત્તિનો જડબાતોડ જવાબ અપાશે.

# હવે, બાલ આયોગ ચિલ્ડ્રન ફ્રેન્ડલી પોલીસ સ્ટેશન માટે દરખાસ્ત કરશે : જાગૃતિ પંડ્યા

ગાંધીનગર, તા. ૨૯

ગુજરાતમાં હવે ચાઈલ્ડ ફ્રેન્ડલી પોલીસ સ્ટેશન બનાવવા માટેની એક દરખાસ્ત રાજ્ય બાળ અધિકાર આયોગ દ્વારા તૈયાર કરવામાં આવી રહી હોવાનું આયોગના અધ્યક્ષા જાગૃતિબેન પંડ્યાએ આજે જણાવ્યું હતુ.

બાલ આયોગ દ્વારા રાજયકક્ષાના પાંચ દિવસીય વર્કશોપમાં આજે બીજા દિવસે પોક્સોના અમલ અંગે યોજાયેલ વર્કશોપ બાદ તેમણે આ વિગતો આપી હતી.

છત્તીસગઢમાં આ દિશામાં કાર્યવાહી કરવામાં આવી છે અને આયોગના અધિકારીએ ત્યાં મુલાકાત પણ લીધી છે. તેઓએ તેમનો અહેવાલ આયોગને આપ્યો છે જેના આધારે આ દરખાસ્ત તૈયાર કરવામાં આવી રહી હોવાનું પણ શ્રીમતિ પંડ્યાએ જણાવ્યું હતુ.

તેમણે જણાવ્યુ હતુ કે ગઈકાલે રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંગેનો પણ વર્કશોપ સફળ રહ્યો હતો.

આજના વર્કશોપમાં એડી.જી.પી. અનિલ પ્રથમ ઉપરાંત પ્રિટા જહા, ડૉ. રિતાબેન ગાંધી, જયોતિબેન વાછાણી સહિત રાજયભરમાંથી પોલીસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આયોગના સદસ્યો ડૉ. રાજુલ દેસાઈ, રાજેશભાઈ પટેલ, પ્રભાબેન પટેલ, હર્ષદભાઈ ચૌધરી પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીનગરના અગ્રણી યુસુફભાઈ પરમારના માતૃશ્રીનું અવસાન

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરના અગ્રણી નેતા અને ગાંધીનગર મહાનગરપાલિકાના પૂર્વ ડેપ્યુટી મેયર યુસુફભાઈ પરમારના માતૃશ્રીનું અવસાન થયુ છે. હજીયાણી શકીનાબેન ઈમામભાઈ પરમાર ૨૮ ઓગષ્ટે જન્નતનશીન થતાં મુસ્લીમ સમાજમાં તથા પેથાપુર-ગાંધીનગર પંથકમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો. સદ્ગતની ઝીયારત ૩૦ ઓગષ્ટ બુધવારે સવારે ૯ કલાકે પેથાપુર જુમ્મા મસ્જીદ ખાતે અને બેસણુ બુધવારે સવારે ૧૧ થી ૧ સુધી તરપોજ ચકલા, પેથાપુર ખાતે રાખેલ છે.





ગણપતિ બાપા મોરૈયા : ગણેશ ઉજવણીના ચોથા દિવસે બ્રહ્મ ભવનના પ્રાંગણમાં કોમેડી શૉ યોજાયો હતો. અરવિંદ શુક્લ અને અન્ય કલાકારોએ ખૂબ જ રસપ્રદ જોક્સ અને કોમેડીની અભિવ્યક્તિ દ્વારા શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા.

# ચિલોડાની કિશોરીનું અપહરણ કરી બળાત્કાર ગુજારનાર શખ્સ ઉદેપુરનાં પહાડોમાંથી પકડાયો

## છ મહિનાથી નાસતા ફરતા આરોપીને પકડી પાડવાનું ચિલોડા પોલીસનું ઓપરેશન સફળ

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર નજીક ચિલોડા વિસ્તારમાં ધોરણ-૧૦માં અભ્યાસ કરતી કિશોરીને લલચાવીને મળવાનાં બહાને બોલાવી એક શખ્સ અપહરણ કરી ગયો હતો. છ મહિના પહેલાની આ ઘટનામાં અપહરણ- બળાત્કાર અને પોક્સોનો ગંભીર ગુનો દાખલ થયો હતો. ચિલોડા પોલીસે તેનેપકડી પાડવાનું ઓપરેશન સફળ રીતે પાર પાડ્યુ છે. ઉદેપુરનાં પહાડોમાંથી તેને ટ્રેસ કરીને દબોચી લેવામાં આવ્યો છે. આરોપીની ધરપકડ કરી ચિલોડા પોલીસ સ્ટેશન લાવીને ઉંડી પુછપરછ શરુ કરવામાં આવી છે.



મળતી માહિતી મુજબ ચિલોડા નજીકનાં વિસ્તારની એક શાળામાં ધો-૧૦માં અભ્યાસ કરતી એક કિશોરીને ૧૬ ફેબ્રુઆરીએ મળવાનાં બહાને બોલાવી ઉદેપુર વિસ્તારનો મહેશ મગન નિનામા નામનો શખ્સ ઉઠાવી ગયો હતો. અપહરણ કરી કિશોરી પર બળાત્કાર ગુજાર્યો હોવાનો ગુનો ચિલોડા પોલીસ સ્ટેશનમાં નોંધાયો હતો. આરોપી અને કિશોરીને શોધવા પોલીસ ઉદેપુર જાય એટલે તે શખ્સ કિશોરીને લઈને પહાડીઓમાં જતો રહેતો હતો. આખરે તેને ટ્રેસ કરવામાં ચિલોડા પી.આઈ એલ.ડી.વાઘેલાની ટીમ સફળ રહી છે. વહેલી સવારે અંધારામાં ટીમ તેના ઘર પાસે પહોંચી ગઈ હતી અને તેના ઘરને ઘેરી લઈ પકડી પાડી ચિલોડા પોલીસ સ્ટેશન લઈ આવવામાં આવ્યો છે. આઈ.પી.સી કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬ તથા પોક્સો એક્ટ કલમ ૪ તથા ૬ મુજબ આરોપીની ધરપકડ કરી તેના રિમાન્ડ મેળવવા તજવીજ શરુ કરવામાં આવી છે.

# જિલ્લાના કોંગી આગેવાનોને માણસા જતાં અટકાવાયા

ગાંધીનગર, તા. ૨૯

કોંગ્રેસ પક્ષ અને માણસાના મતદારો સાથે વિશ્વાસઘાત કરી સરકાર સાથે મોટો સોદો કરીને રાતોરાત ભાજપનો ભગવો ધારણ કરનાર માણસાના વિશ્વાસઘાતી ધારાસભ્યના ભાજપ પ્રવેશ કાર્યક્રમ સામે કાળા વાવટા ફરકાવી વિરોધ પ્રદર્શન થવાની દહેશતના કારણે કોંગ્રેસના આગેવાનોની અટકાયત પોલીસતંત્ર દ્વારા વહેલી સવારથી કરવામાં આવી હતી. જેમાં જીલ્લા યુવક કોંગ્રેસના પ્રમુખ જીતેન્દ્રસિંહ સોલંકીની સવારે ૮ કલાકે ચિલોડા સર્કલ પાસેથી, પૂર્વ ધારાસભ્ય બાબુસિંહ ઠાકોર, પંકજભાઈ પટેલ, સુરેશભાઈ પટેલ સહીતના તમામ કાર્યકરોને સવારે ૯ વાગે માણસા કોંગ્રેસ કાર્યાલય ખાતેથી અટકાયત કરીને પેથાપુર પોલીસ સ્ટેશન લવાયા હતા.



જીલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીની પેથાપુર ચાર રસ્તા ખાતે વોચ ગોઠવી હતી પરંતુ જીલ્લા કોંગ્રેસ પ્રમુખ અને સાથે કાર્યકરો પોલીસને ચકમો આપી અંતરિયાળ રસ્તે માણસા જવા નીકળ્યા હતા પરંતુ માણસા પહોંચે તે પહેલા રાજપુરા પાટિયા પાસે પોલીસ કાફલા દ્વારા ઘેરી લઈને ૪ કલાક સુધી અટકાયત કરી રખાઈ હતી. આમ કોંગ્રેસના કાર્યકરો-આગેવાનોથી ગભરાયેલી માયકાંગલી ભાજપા સરકાર દ્વારા પોલીસતંત્રનો દુરુપયોગ કરીને કોંગ્રેસના કાર્યકરો-આગેવાનોને કાર્યક્રમ કરતા અટકાવાયા હતા. જેની કોંગ્રેસ પાર્ટી કડક શબ્દોમાં નિંદા કરેછે. કારણકે ભારત લોકશાહી પ્રણાલિકા ધરાવતો દેશ છે અને બંધારણે ધરણા-વિરોધ પ્રદર્શનો યોજવા અધિકારો આપેલા છે તેમ છતાં હાર જોઈ ગયેલી ભાજપની સરકાર બ્રિટીસ શાસનને પણ સરમાવે તે રીતે વહીવટીતંત્ર અને પોલીસતંત્રનો દુરુપયોગ કરી રહ્યા છે.

# ગાંધીનગર ખાતે ૩૦મીએ અડાલજ આવાસ યોજનાનો ડ્રો યોજાશે

ગાંધીનગર, તા. ૨૯

ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ ગાંધીનગર દ્વારા સુરતના રૂંઢ તેમજ અડાલજ ખાતેની એલઆઈજી આવાસ યોજનાનો માન્ય અરજદારોનો કમ્પ્યુટરાઈઝ્ડ ડ્રો આજે તા. ૩૦-૮-૨૦૧૭ના રોજ ટાઉન હોલ, ગાંધીનગર ખાતે બપોરે ૩-૩૦ કલાકે યોજાશે. આ પ્રસંગે રાજ્ય કક્ષાના પંચાયત મંત્રી જયંતિભાઈ કવાડીયા ખાસ ઉપસ્થિત રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે અડાલજ અને સુરતના રૂંઢ વિસ્તારમાં તૈયાર થનારી આ એલઆઈજી આવાસ યોજનામાં માન્ય થયેલ અરજદારોને આ ડ્રો દ્વારા પાત્રતા અને પ્રતિક્ષા યાદી બહાર પાડવામાં આવશે. આ આવાસ યોજનાના કમ્પ્યુટરાઈઝ્ડ ડ્રોના સ્થળ, સમય અને તારીખે માન્ય અરજદારોને ઉપસ્થિત રહેવા ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડની યાદીમાં જણાવાયું છે.

# પેથાપુર અને અડાલજ પોલીસ સામે ઈન્કવાયરી સોંપાશે

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર એલ.સી.બીએ પેથાપુર કસ્બામાં ચાલતા જુગારધામ પર દરોડો પાડી ૧૪ શકુનીઓને પકડી પાડ્યા હતા અને ગઈ કાલે અડાલજ નજીકનાં પોર ગામમાં વરલી મટકાનાં જુગારનાં અડ્ડા પર રેઈડ કરી ચાર શખ્સોને પકડી પાડ્યા હતા. સ્થાનિક પોલીસનાં ધ્યાન બહાર આટલો મોટો જુગાર રમાય તે માની શકાય તેમ નથી. તો બીજી તરફ કદાચ ધ્યાન બહાર પણ અડ્ડો શરુ થઈ ગયો હોય અને સ્થાનિક પોલીસને ખ્યાલ ન આવે તે અમલદારની બેદરકારી કહેવાય..!! ગાંધીનગર એલ.સી.બીની ટીમે બે દિવસમાં પાડેલા આ બંને દરોડા ક્વોલીટી કેશ હતા. આ બાબતને ગંભીરતાથી લઈને ગાંધીનગર એસ.પી પેથાપુર પી.એસ.આઈ અને અડાલજ પી.આઈ સામે ઈન્કવાયરી સોંપશે. સ્થાનિક પોલીસ અધિકારી કે પોલીસ કર્મચારીઓની મદદગારી આ ગુનામાં હતી કે કેમ? તેની તપાસ ડીવાયએસપીને સોંપવામાં આવશે તેમ એસ.પી વિરેન્દ્રસિંહ યાદવે જણાવ્યુ છે.